

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*અમે પણ તમારાથી મોટાં પેટ રાખીએ છીએ,*
*ચાવવા-બતાવવાના જુદા દાંત રાખીએ છીએ.*
*રાખીએ મૂષકો ખાયકીના દર શોધવા માટે -*
*સૌથી પહેલાં અમારાં જ પૂજન રાખીએ છીએ...*
*(અમારું વિસર્જન અશક્ય)*

### હાઈકુ

*કરી ન શકે*
*ચૂં કે ચાં, સરકાર -*
*મત 'ડેરા' માં...*

*બાંધે બાપુઓ*
*પોત પોતાનાં 'સ્તાન'*
*હિંદુ 'સ્તાન' માં...*

### ચિંતન

*પતતિ વ્યસને દૈવાદારુણે દારુણાત્મનિ ।*
*સંવર્મયતિ વજ્રેણ ધૈર્યેણ મહતાં મનઃ ॥*

**ઉપરોક્ત શ્લોક સુભાષિત રત્નભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.**

**જયારે દૈવયોગે મોટું ભયંકર દુઃખ આવી પડે છે ત્યારે મોટા પુરુષનું મન ધૈર્યરૂપી વજનું બખ્તર પહેરે છે.**

**ધૈર્યવાન - વિદ્વાન - સમજું લોકો ને કયારે - કેવું વર્તન - આચરણ કરવું એનું જ્ઞાન, પૂરી સમજ હોય છે. સાચાં-ખોટાંની સમજ પડવી અને 'વિવેક' કહેવાય.**

**ધીરજવાન લોકો આ શક્તિ ધરાવતા હોય છે. આપત્તિમાં અકળાઈ જતા નથી. સુખમાં છક્કી જતા નથી.**

### સુવિચાર

- મનુષ્યના મન અને હૃદય પર શાસન કરવાની તાકાત તો પ્રતિભા સંપન્ન જ્ઞાન અને નૈતિક ચારિત્ર્યમાં જ છે - **સંત ઓગસ્ટીન**
- જીવન સામે મારી કશી ફરિયાદ નથી,
  કારણ કે ફરિયાદ કરવી એ જીવવાના અમૂલ્ય અવસરનું અપમાન છે - **એસ. ભટ્ટાચાર્ય**
- એવું કોઈ આંસુ નથી, જેને લુછીને આંખ હસી ન શકે, એવી કોઈ ચિંતા નથી,
  જેની જાળમાંથી મનુષ્ય મુક્ત થઈને હળવાશ ન અનુભવી શકે - **ઓશો**
- દુઃખ એ એવો વરસાદ છે કે જે માત્ર કીચડ જ પેદા નથી કરતો, કિચડમાંથી કમળ પણ પેદા કરે છે - **જીવનસૂત્ર**
- સત્કાર્ય એટલે 'સ્વ'ને બદલે 'પર' ને કેન્દ્રમાં રાખીને કરવામાં આવતું ઉદાત્ત કાર્ય,
  અન્ય ને ઠારે તે જ પોતાના પાપને પ્રજાળે - **મુંબઈ સમાચાર**
- તક આપણા દરવાજા ખખડાવતી હોય ત્યારે ભ્રમને કારણે આપણે તકના દરવાજા
  બહાર યાચક બની બેઠા હોઈએ છીએ - **સ્ટીફન કોવી**
- આજનું ઔષધ : પાકા ટામેટાનો રસ ૫ વરસ સુધીના બાળકોને દિવસમાં બે વાર નિયમિત પીવડાવવાથી બાળકો નિરોગી અને બળવાન બને છે

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

તકનું સર્જન કરો અથવા ભાગ્યે જ મળતી તકને વેડફી ના નાંખો. ઝડપી લો, કારણ કે તક વારંવાર મળતી નથી અને બીજા વાર તક મળશે એ વિચારવું નિરર્થક છે.

ઘરડો વાક ભૂખ સંતોષવા ગુફાની નજીક જે મળે તે પ્રાણીનો શિકાર કરી ખાઈ જતો. એકવાર વાંદરો ગુફાની નજીક હતો અને શિકાર કરવાનું વિચારી વાઘે લંગડાતા ચાલવાનું નાટક કર્યું. વાંદરાએ વાઘની નજીક જઈ લંગડાવાનું કારણ પૂછ્યું. વાઘે કહ્યું, 'હવે મારી ઉંમર થઈ છે. એટલે મેં અહિંસા પાળવાનો નિયમ બનાવ્યો છે, મારા પગ નીચે જીવજંતુ કચડાઈ ન જાય એટલે હું આવું ચાલું છું. વાઘની સજ્જનતા જોઈ વાંદરો પ્રભાવિત થયો. અને વાઘની વધુ નજીક આવ્યો. વાઘે લાગ જોઈ વાંદરાને સકંજામાં લઈ લીધો. જો કે વાદરો હોંશિયાર હતો એ ખડખડાટ હસવા લાગ્યો. વાઘે હસવાનું કારણ પૂછ્યું તો વાંદરા એ કહ્યું, 'મારા પૂર્વજોએ એવું કહ્યાનું જાણમાં છે કે અભ્યારે આ ક્ષણે આ રીતે કોઈ પ્રાણી હાસ્ય કરશે તો એને મૃત્યુ બાદ સ્વર્ગની પ્રાપ્તિ થશે.'

વાંદરાની વાત માની વાઘ પર જોરજોરથી હસવા લાગ્યો અને તક મળતાં જ વાંદરો વાઘના સકંજામાંથી છટકી ગયો.

# અદલ ઈન્સાફનો અદ્દ્ભૂત નમૂનો

**તંત્રીસ્થાનેથી...**

વિવાદાસ્પદ 'સંત' ડેરા સચ્ચા સૌદાના પીઠાધીશ ગુરમીત રામરહીમ બે સાધ્વીઓએ કરેલ ફરિયાદના આધારે સીબીઆઈ કોર્ટના જજ જગદીસ સિંહે ગુનેગાર ઠેરવીને દસ દસ વર્ષની અલગ એટલે કે વીસ વર્ષની સજા અને ત્રીસ લાખનો દંડ ફરમાવ્યો છે. કાયદાના ઈતિહાસમાં આ એક યાદગાર કહી શકાય એવું સીમાચિહ્ન બની રહેશે. જજ જગદીશ સિંહ સેશન જજની કક્ષાના ન્યાયાધીશ છે. એમને એક રસૂખદાર ધાર્મિક નેતા સામે જે તટસ્થતાપૂર્વક કેસ ચલાવી એના ગુના મુજબની કડકમાં કડક સજા ફરમાવી છે તે ભવિષ્યના આવા કેસો માટે એક દૃષ્ટાંતરૂપ ચુકાદો બની રહેશે. આ જ બાબા સામે એમનાં પાપોનો ઘટસ્પોટ કરનારા પત્રકારની હત્યાનો કેસ પણ પેન્ડિંગ છે. સામાન્ય રીતે બળાત્કાર પછી કાં તો પીડિત મહિલા એને ચુપચાપ સહન કરી લેતી હોય છે અથવા થોડા ઊહાપોહને અંતે સમાધાન થઈ જતું હોય છે. પીડિતા પોતે જ ફરિયાદ પાછી ખેંચી લઈ કેસનો નિવેડો લાવી દેતી હોય ત્યારે ન્યાયતંત્ર પણ આવા કેસોમાં થોડી કડક નુક્તેચીની કરી મૌન થઈ જતું હોય છે. બાબા ગુરમીત રામરહીમ જેવા નરરાક્ષસોના હાથ એટલા લાંબા હોય છે કે એમની વિરુદ્ધ ફરિયાદ કરવાની હિંમત જ ન ચાલે. જે સાધ્વીને પંદર વર્ષ અગાઉ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીને પત્ર પાઠવીને પોતાના સહિત અનેક શ્રદ્ધાળુઓનું નિયમિત રીતે બળજબરીપૂર્વક યૌન શૌષણ થતું હોવાની ફરિયાદ કરેલી, તે જ રજૂઆતને છેક છેલ્લે સુધી સીબીઆઈ તપાસ દરમિયાન પણ વળગી રહીને તથા કોર્ટ સમક્ષ પણ શબ્દશઃ એ જ વાત વાગોળીને બેઉ સાધ્વીઓએ ભારે હિંમત દાખવી છે, જેથી દિલ્હીની પેલી નિર્ભયા સુધીની મહિલાઓ સાથે યુગોથી પુરુષજાત દ્વારા થતી બળજબરી વિરુદ્ધ એક પ્રચંડ આક્રોશ જાગ્યો છે. વિશેષપણે સાધુસંતના વેશમાં ધર્માધ્યક્ષો જ જયારે પોતાના આશ્રિતો સાથે આવો જુલમ ગુજારે ત્યારે તો ધર્મના ઓઠા હેઠળ ચાલતી અધર્મ પ્રવૃત્તિનો આવો ઘટસ્ફોટ આવકારદાયક જ ગણાય. ન્યાયતંત્રે કોઈ પણ પ્રકારની શેહશરમમાં આવ્યા વગર બાબાને એક ગુનેગાર તરીકે જ જોયો, તે પણ કાબિલેદાદ ઘટના છે. નહીંતર કેન્દ્રીય મંત્રીઓથી લઈ રાજયના મુખ્યમંત્રીઓ જેના ચરણસ્પર્શ કરવામાં ધન્યતા અનુભવતા હોય, એવા પ્રભાવશાળી ધાર્મિક નેતાની વિરુદ્ધ આવો કડક ચુકાદો આપવો તે કોઈ નાનીસૂની બાબત નહોતી. જજ જગદીપ સિંહે એમના આ ચુકાદામાં બેઉ સજાઓ અલગ-અલગ ભોગવવી પડશે એવી સ્પષ્ટતા કરેલ છે. આમ બાબા ગુરમીતસિંહ રામરહીમ એમની વિશાળ વગનો ઉપયોગ કરીને અથવા કાયદાનાં છિદ્રોનો ગેરલાભ મેળવીએ હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટમાંથી જામીન કે રાહત નહીં મેળવી શકે તો આગામી વીસ વરસ સુધી એમને કરેલાં કુકર્મો બદલ જેલની હવા અને જેલના રોટલા ખાવા પડશે. ન્યાયતંત્રના આવા ઐતિહાસિક ચુકાદાથી પ્રજાને લોકશાહીનો સાચો પરચો મળ્યો છે.

# ભગવાનના મંદિરે ઊભેલો એક નિરાશ



નવાં કલેવર
નટવર હેડાઉ

શિવભક્તિનો શ્રાવણ પુરો થયો ત્યાં ગજાનન ગણપતિની સવારી જાણે આવી પહોંચી હોય તેમ ગણેશ ઉત્સવ ઉજવાઈ રહ્યો છે. તો સાથે સાથે શક્તિની ભક્તિ માટે પગપાળા અંબાજી જનાર પદયાત્રીઓ માટે વિસામા માટે મોટા મોટા મંડળો રસ્તાની બાજુમાં શોભી રહ્યા છે. તેમાં પદયાત્રીઓ માટે ભોજન, આરામની સગવડ સાથે ચિકિત્સા સુવિધા ઊભી કરી સેવાભાવી કાર્યકરો રસ્તે પસાર થતા પદયાત્રીઓને બોલાવી બોલાવી તેમની સેવાઓ લાભ લઈ રહ્યો છે.

**વિચાર કરતો કરતો કનુ મંદિરની બાજુમાં બનાવેલ ગણપતિ ઉત્સવના મોટા મંડપ પાસે પહોંચ્યો**

તો સામી બાજું મોટાં મોટાં હોર્ડિંગમાં સ્મિત રેલાવતા નેતાઓના બે હાથ જોડેલા ફોટાઓ નજરે પડે છે. જો પદયાત્રીઓ અને પસાર થતા રાહદાસીઓની નજરે ચડે તે રીતે મૂકવામાં આવેલ છે કારણ કે ચૂંટણી નજીકમાં છે.

વિખરાયેલા વાળ, મેલાં ઘેલાં કપડાં અને ઉઘાડા પગ; કેટલાય દિવસથી રઝટપાટથી થાકેલો તેનો ચહેરો જોતાં તેની સ્થિતિનો ખ્યાલ આવે છે. તેની માં તેને વ્હાલથી કનૈયો કહેતી, અને પિતા કાનુડો કહેતા પણ લોકો તેને કનુડીયો કહે છે. કનુને આ બીલકુલ ગમતું નથી પણ શું કરે ? કોઈને જે કહેવું હોય તો કહે પણ દયા રાખતા હોય તો કેવું? એ વિચાર કરતો કરતો કનુ મંદિરની બાજુમાં બનાવેલ ગણપતિ ઉત્સવના મોટા મંડપ પાસે પહોંચ્યો. આરતીની તૈયારી થતી હતી. મોટા મોટા થાળમાં પ્રસાદ ઘરાયેલ લાડુ, બુંદી, બરફી વિગેરે જોઈ કનુના મોંમા પાણી આવી ગયું.

આરતી બાદ પ્રસાદ લેવા માટે લોકોની લાંબી લાઈન લાગી હતી. સંકોચ સાથે તે પણ લાઈનમાં ઊભો રહી ગયો. મીઠાઈ જોઈ તેનું મન તલપાપડ થયું. સહનશક્તિ હદ વટાવી ગઈ. તેણે પુજારીની સામે પોતાની બંને હાથ ફેલાવી દીધા અને લાચાર નજરે તેની સામે જોઈ રહ્યો. તે પ્રસાદના કાલ્પનિક સ્વાદમાં ડુબેલો હતો ત્યાં પુજારીઓ તેને ધમકાવી નાંખ્યો.

'એય છોકરા, હટ અહીંથી અહીં અમે કેંઈ ખેરાત કરવા બેઠા છીએ બે કે હાથ પહોળા કરી ઊભો રહી ગયો છે.'

તે ચૂપચાપ, વિચારશૂન્ય લાલસામાં સરકી પડ્યો. જેથી કાલ્પનિક સ્વાદ યથાર્થમાં બદલાઈ જાય. અને અજાણતાં જ તેના હાથનો પદાર્થ જીભથી ચાટી ગયો. પ્રતિક્રિયામાં તેને ભુખ, પાણી અને તુલસીનો સ્વાદ અનુભવાયો. તેનું મન ખાટું થઈ ગયું. ભગવાનના મંદિરે તે નિરાશ ઊભો હતો. કકડીને લાગેલી ભૂખે તેને બેચેન કરી દીધો. તેનું બાળ મન વારંવાર મીઠાઈના ભરેલા થાળો જોઈ લલચાતું હતું.

તેણે જોયું કે એક દંપતી હમણાં જ કારમાંથી ઊતરી આ તરફ આવ્યું. તેમણે પચાસની કડકડતી નોટ કાઢી હાથ લંબાવ્યો. તરત પુજારીએ તેમને એક પૅકેટમાં જુદા જુદા પ્રસાર ભરીને આપ્યું. સાથે ફૂલનો હાર પણ આપ્યો. તે દંપતિ માટીની મૂર્તિને પગે લાગતાં હતા. તો આ તરફ પુજારી તેમને અને નોટને.

ઉદાસીન ભાવે તે જોતો રહ્યો. ગાલ પર સરકી આવેલા ખારાં આંસુના ટીપાં ને ચાટતો તે ઊભો હતો. ભૂખને કારણે તેણે ગજવામાં હાથ નાંખી જોયો પણ ફાટેલા ગજવાની આરપાર તેનો હાથ નીકળી ગયો.

# મનની શક્તિ અને પૂર્વાભાસ - માઈન્ડ પાવર ઍન્ડ ટેલિપથી



ગુલમહોર
દિનેશ દેસાઈ

ગીતા ભાષ્યમાં આદિગુરુ (પ્રથમ) જગદગુરુ શંકરાચાર્યે કહ્યું છે કે "મનની શક્તિ અનોખી અને અદ્વિતિય છે. મનના સંકલ્પ પાર પડીને જ રહે છે. મન વિના બધું નકામું છે." તમે કોઈ પણ કાર્ય મન વિના કરો તો એના પરિણામમાં સફળતા ભાગ્યે જ હાથ લાગે છે. આજે વિજ્ઞાન હવે જેને ટેલિપથી કહે છે એ મનની અવસ્થા અને સંકલ્પ તથા સંકલ્પનું સિદ્ધ થવું એ બધું આપણા ધર્મસંસ્કારમાં પરાપૂર્વથી ચાલી આવે છે.

**તમે કોઈ પણ કાર્ય મન વિના કરો તો એના પરિણામમાં સફળતા ભાગ્યે જ હાથ લાગે છે. આજે વિજ્ઞાન હવે જેને ટેલિપથી કહે છે એ મનની અવસ્થા અને સંકલ્પ તથા સંકલ્પનું સિદ્ધ થવું એ બધું આપણા ધર્મસંસ્કારમાં પરાપૂર્વથી ચાલી આવે છે**

ટેલિપથી એટલે? આપણને સૌને ખબર છે કે જ્યારે આપણું મન કોઈક બાબતની તીવ્રતાથી ઝંખના કરતું હોય ત્યારે છેવટે એ બાબત આપણી સમીપ આવી જાય છે અથવા આપણે અનુભવીએ છીએ કે તે બાબત આપણી સાવ સમીપ છે. જેમ કે તમે કોઈને સાચુકલા યાને દિલથી યાદ કરતા હો કે વાત કરવાનું મન થયું હોય અને એ વ્યક્તિનો કૉલ આવી જાય. તમે કોઈ વાનગી ખાવાની ઈચ્છા મનમાં સંઘરીને બેઠા હોય અને તમારા સ્વજન, પરિવારજન યા મિત્ર એ વાનગી લઈને તમારી સામે ઉપસ્થિત થયા હોય. આવા ઘણા બધા પ્રસંગ આપણા જીવનમાં ક્યારેક તો બન્યા જ હોય છે. જેને આપણે ટેલિપથી કહી શકીએ.

મનથી વિચાર્યું હોય અને એ બાબત વાસ્તવિકતામાં આપણે અનુભવીએ એ જ ટેલિપથી. ટેલિપથી એ કોઈ મંત્ર, તંત્ર કે સાધના નથી. બસ, મનની સંકલ્પબળ થકી સિદ્ધિની વાત છે. તમે કોઈને યાદ કરતા હોવ અને એ વ્યક્તિ તમારી નજર સમક્ષ ઉપસ્થિત થઈ જાય ત્યારે તમારા ઉદગાર હોય છે કે "અરે, હું તમને હમણા જ યાદ કરી રહ્યો હતો અને તમે આવી ગયા." જો કે આજના દંભ ભરેલા જમાનામાં આવા સંવાદ ખોટેખોટા પણ બોલવામાં આવે એવું પણ બની શકે. જેમાં ટેલિપથી જેવું કશું જ હોતું નથી.

મનની શક્તિ – માઈન્ડ પાવર વિશે બધા જાણે છે પરંતુ મનની શક્તિને એકાગ્ર કરીને યમ, નિયમ, પ્રાણાયામ તથા ધ્યાન, યોગ, આસન, નિદિધ્યાસન ઈત્યાદી કરી શકાય છે. બધાને બધું જ આવડે એમ ના પણ બને. જો કે નિયમિત પ્રયાસ કરવાથી કાર્યસિદ્ધિ અવશ્ય પ્રાપ્ત થાય જ છે. કોઈ પણ કાર્યમાં સફળતા મેળવવા માટે તે કાર્ય પ્રત્યે મન લગાવવું પડે છે, મનન કરવું પડે છે. એમાં ધ્યાન આપવાની પ્રક્રિયા અને એકાગ્રતા પણ આવી જાય છે.

સંત તુલસીદાસજીની એક સાખીમાં કહ્યું છે કે "એક સાધે સબ સધે, સબ સાધે સબ જાય." મનની શક્તિની વાત કરીએ ત્યારે એમાં એકાગ્રતાનો ભાવ પણ આવી જાય છે. જ્યારે તમે એક સાથે ઘણા બધા ટાસ્ક હાથ ઉપર લેતા હો ત્યારે તમે અનુભવ્યું પણ હોય કે કોઈ પણ કામમાં તમને સંતોષકારક પરિણામ મળતું નથી. સબ સાધે, સબ જાય. "બાવાના બેઉ બગડ્યા" એવી પણ એક કહેવત છે. બધું કાર્ય એક સાથે હાથ ઉપર લેવાથી એટલે કે માથે બધો જ ભાર સાથે ઉપાડી લેવાથી કોઈ પણ કાર્યમાં સફળતા મળતી નથી.

"એક સાધે સબ સધે, સબ સાધે સબ જાય." તમે કોઈ એક વ્યક્તિ ઉપર જ આધાર રાખો અથવા જોડાયેલા રહો, એટલું પુરતું છે. પરંતુ બધી દિશાઓમાં ધ્યાન રાખવા જતા કોઈ એક દિશામાં પણ આપણું ધ્યાન કેન્દ્રિત થતું નથી કે પરિણામ મળતું નથી. આ વાત સાથે એક ટુચકો પણ જાણીતો છે. એક વાર કોઈ વ્યક્તિ મુશ્કેલીમાં એક ભગવાનને મદદ માટે પ્રાર્થના કરી. થોડી વાર થઈ ત્યાં તો આ વ્યક્તિએ બીજા ભગવાનને મનોમન પ્રાર્થના કરી. આથી પહેલા ભગવાનને એમ થયું કે હું મારા ભક્તજનને મદદ કરવા નહીં જઉં તો ચાલશે, બીજા ભગવાન જશે જ ને. સમાજમાં પણ આપણે આ અનુભવ કર્યો જ હશે.

એક નિષ્ઠા અને ધ્યાન કેન્દ્રિત રાખવાની વાત છે. ચાર જગ્યાએ મદદનો હાથ લંબાવવાથી કોઈ એક દિશામાંથી પણ મદદ મળતી નથી અને મદદ કરવા માગતી વ્યક્તિ પણ બાબતને ગંભીરતાથી લેતી નથી. આપણા જીવનમાં પણ આપણે એકાગ્રતા, એક નિષ્ઠા, ધ્યાન, મનન યાને મનની શક્તિનો કોઈને કોઈ તબક્કે અનુભવ જાણે અજાણે પણ અવશ્ય કર્યો હોય છે.

પ્રગટ બ્રહ્મસ્વરુપ પ્રમુખ સ્વામી મહારાજે કહ્યું છે કે જ્યારે તમે કોઈ પણ કાર્ય સંપૂર્ણ નિષ્ઠા અને પ્રામાણિકતાભર્યા પ્રયત્નોથી પાર પાડો છો તો એ તમારા માટે પ્રાર્થના, પૂજા, ઈબાદત, બંદગી, ભજન, શબ્દકિર્તનથી જરાય કમ નથી. અંગ્રેજીમાં કહ્યું છે ને કે વર્ક ઈઝ યૉર વર્શિપ. કામ એ જ તમારી પૂજા. આ સૂત્ર મનમાં દૃઢ થાય તો ચોવીસ કલાક ધ્યાન, પૂજા યા હોમ-હવન કરવાની પણ જરુર નથી. મનથી, કાયાથી, વચનથી કર્મ કરવું જોઈએ અને આ રીતે દરેક કાર્ય પ્રત્યે અનુસંધાન જોઈએ. દિલ લગાવ્યા વિના કોઈ પણ કાર્યમાં બરકત ના આવે.

જસ્ટ ટ્વીટઃ-

"મનસ્ય, કાયાશ્ચ વચનમ્..."

- ઋગ્વેદ

# 'તલાક'ને તલાક..! જનાબ, અબ આપ ઐસે બાતોં બાતોં મેં 'તલાક' નહીં દે સકતે...!!






Hello ફ્રેન્ડસ
સંજય થોરાત

મુસ્લિમ સમાજની સ્ત્રીઓના ગંભીર પ્રશ્ન 'તલાક'ને સુપ્રિમ કોર્ટે જ ત્રણવાર તલાક, તલાક, તલાક કરીને છૂટાછેડા આપી દીધા. માનવીય મૂલ્ય અને સંવિધાનનો પાવર જો ભેગો મળે અને એમાં કંઈક નક્કર કરવાની રાજકીય ઈચ્છાશક્તિ જો હોય તો મહાન ક્રાંતિકારી નિર્ણયથી અવશ્ય લાગે છે.એક ટીવી ચેનલ પર મુસ્લિમ સમાજની એક્ટિવીસ્ટ વરિષ્ઠ મહિલા રઝીયા પટેલને ઈન્ટરવ્યુ આ દરમિયાન સાંભળવા મળ્યો એ ખરેખર સાંભળવા, વાંચવા જેવો છે. આજે એમની જ વાત એમના શબ્દોમાં પ્રસ્તુત છે.

'મારો જન્મ એક ખેડૂત પરિવારમાં થયો. જે મુસ્લિમ પરિવાર હતો. ધર્મશ્રદ્ધા મુસ્લિમ અને સંસ્કૃતિ ખેડૂતની. મારું શિક્ષણ સરકારી શાળામાં થયું. જયાં મને સર્વધર્મના, જાતિના મિત્રો મળ્યાં, મારાં અબ્બુ આધુનિક વિચાર સરણીના, વિદ્યારથી અવસ્થામાં એમણે ગાંધીજીના આંદોલનમાં ભાગ લીધેલો. જે વાત તમને ખટકે એ વિશે તરત પ્રશ્નો પૂછવાનું એમણે શીખવાડ્યું.'

અને હું સમજણી થઈ અને સ્ત્રીઓના પ્રશ્નો પૂછવાનું શરુ કર્યું. સ્ત્રીઓને પડતી તકલીફો, પરિવારમાં થતાં અન્યાયને રજૂ કરવાની પદ્ધતિથી મને બધાં પરાક્રમી જ કહેતાં. મારાં ઘરમાં બુરખા પદ્ધતિ નહોતી. કોઈ 'તલાક'ને લીધે હેરાન થયું. હોય એવો બનાવ નહોતો. 'તલાક' વિશે માત્ર સાંભળ્યું હતું પણ ખબર તો નહોતી જ. હું યુવાન થઈ અને એક તલાક થયેલી યુવતીને મળી. એ અભણ, કોઈ આર્થિક આવકનું સાધન નહીં. મને ત્યારે પહેલીવાર તલાક એટલે ખબર પડી!

તલાકશુદા સ્ત્રીની અવસ્થા જોઈ, એની તકલીફ જોઈ, મને એ સ્ત્રી ખૂબ અસુરક્ષિત લાગી. મેં મારી બહેનપણીઓને પૂછ્યું તો દરેક ધર્મ-જાતિમાં સ્ત્રીઓ કોઈને કોઈ પ્રકારે દાસીત્વ ભોગવતી જ હતી. સ્ત્રીઓ પરના અત્યાચારના રૂપ અલગ હતા, માત્ર સ્ત્રીઓનો અવાજ દબાયેલો - કચડાયેલો હતો.

અમારી પેઢી યુવાન થઈ અને વિશ્વમાં સ્ત્રીઓના પ્રશ્નો પર ઉથલપાથલ શરુ થઈ હતી. આપણાં દેશમાં તો મહાત્મા ફુલે, પંડિતા રામબાઈ અને ફાતિમા શેખે આવી ચેલેન્જ ઉપાડી જ હતી. ૧૯૭૫ના વર્ષને 'ઈન્ટરનેશનલ વુમન્સ ઈયર' જાહેર થયું અને પછી આ પ્રશ્નોને વાચા મળી. એ સમયમાં અસહિષ્ણુતા ડર અને ભયનો માહોલ હતો. તમે કંઈ બોલો - અવાજ ઉઠાવો તો એનો ભોગ લેવાય. હવે આખો દેશ-સમાજ ભયના ઓથાર હેઠળ હોય ત્યાં મુસ્લિમ સમાજની સ્ત્રીઓની હાલત તમે કલ્પી જ શકો? એમની હાલત વધુ બદત્તર હતી!

**કભી હમસે ભી પૂછ લીયા કરો હાલ-એ-દિલ,**
**કભી હમ ભી તો કહ સકેં દુઆ હૈ આપકી!**

૧૯૮૨માં જળગાવ જિલ્લામાં મુસ્લિમ કમિટીએ સ્ત્રીઓને ફિલ્મો નહીં જોવાનો ફતવો જાહેર કર્યો. અને મારામાં રહેલો બળવાખોર સ્વભાવ જાગૃત થયો. મેં અમારા જ સમાજ સામે બાંયો ચઢાવી. મુસ્લિમ સ્ત્રીઓ વિશે આવા અન્યાયકારી નિર્ણયને મેં પડકાર્યો. ડરતાં-ડરતાં પણ ઘણી સ્ત્રીઓ સાથે જોડાઈ. એમાં એક 'મરાઠા' સ્ત્રીએ (જે મારાં કરતાં દસ ગણી માથા ફરેલ હતી) જોડાઈ અને એમના ફતવાની ઐસી કી તૈસી કરી દીધી...

એકબાજુ દુનિયાભરમાં સ્ત્રીઓના પ્રશ્નો સળગી ઊઠ્યા હતાં ત્યારે મુસ્લિમ સમાજમાં કોઈ જ હાલચાલ નહોતી. એ જ બુરખો, આમાન્યા, તહઝીબ, ચાર પત્ની, અનેક બાળકો, ધર્મની સોગંદો અને પુરુષોની વર્ચસ્વ ચાલુ હતું. આ વાતો બહુ બહાર નીકળતી નહીં. આ સમયગાળામાં ૧૯૮૬માં શાહબાનોના તલાકનો કેસ બન્યો...

શાહબાનો નામની ૬૦ વર્ષની સ્ત્રીને એના શોહરે ત્રણવાર તલાક બોલીને ઘર બહારનો રસ્તો બતાવ્યો હતો. આ સ્ત્રી પાસે ઉદર નિર્વાહનું કોઈ સાધન નહોતું. શાહબાનો ખટલો ચાલ્યો અને હાઈકોર્ટે એને ભરણપોષણની રકમ માન્ય કરી... પણ મુસ્લિમ મૌલવીઓએ આ નિર્ણયને 'શરિયત'માં હસ્તક્ષેપ માનીને એને પડકાર્યો. આ ઘટનાક્રમમાં ખરાબ બાબત એ બની કે સરકારે મુસ્લિમ મતો મેળવવા આ ઘટના બદલાવ મુસ્લિમ મહિલા સંરક્ષણનો અલગ કાયદો કર્યો, એટલે શાહબાનોને ભરણપોષણ મેળવવું વધુ દુષ્કર બન્યું. શાહબાનોનાં કેસમાં સમાજ હીત કરતાં રાજકારણ મોટી ઘટના બની... એ સમયગાળામાં બાબરી મસ્જિદનું તાળું ખોલી મંદિર મસ્જિદના રાજકારણના બારણાં ખૂલ્યા, પછી બાબરી મસ્જિદ તોડી પડાઈ...

પરિણામે તોફાનો અને હિંદુ - મુસ્લિમ વચ્ચે ફરી મોટી ખાઈ સર્જાઈ. હવે આવામાં મુસ્લિમ-સ્ત્રીઓના પ્રશ્નોનો વિચાર કોણ કરે ? માંડ કંઈક મુસ્લિમ સ્ત્રીઓને હક મળશે એ વાત અધ્ધર જ થઈ ગઈ... આ બાજુ હિન્દુ સ્ત્રીઓના કાયદામાં સુધારણાં થઈ. એમને પ્રોપર્ટીમાં હક અને છુટાછેડાના કેસમાં બાળકોના તાબાનો હક મેળવવાની પરવાનગી મળી. કૌટુંબિક હિંસામાંથી રક્ષણનો કાયદો આવ્યો અને હિંદુ સ્ત્રીઓની પ્રગતિની એક જોરદાર શરુઆત થઈ. આજે શિક્ષણ, નોકરી, ધંધામાં હિંદુ સ્ત્રીઓ દરેક ક્ષેત્રે દેખાય છે. એટલી મુસ્લિમ સ્ત્રીઓ દેખાય છે? એવું નથી કે હિન્દુ સ્ત્રીઓ સામે નવાં પ્રશ્નો નથી, પણ એમની એક લેવલની પ્રગતિ થઈ જ છે.

આ બાબતમાં મુસ્લિમ સ્ત્રીઓ પાછી પડી ગઈ. એમને પોતાને હવે અન્યાયની લાગણી થતી દેખાવા લાગી. તલાક, હલાલા, બહુપત્નીત્વ અથવા કૌટુંબિક હિંસાચારના દરેક વિષયમાં હવે એમનામાં જાગૃતિ આવી છે. તેઓ રસ્તા પર ઉતરવા લાગી છે. પોતાના હક માટે લડવા લાગી છે.

ભારત બહુધર્મી દેશ છે. આ દેશની લોકશાહી અને સંવિધાન શ્રેષ્ઠ છે. ધર્મની અને સંવિધાનની બેઠક જો ધારે તો પ્રજાલક્ષી, સમાજલક્ષી નિર્ણયો લઈ જ શકે છે એવું આ તલાકના નિર્ણય પછી લાગ્યું છે. સર્વોચ્ચ અદાલતે ઈન્સટન્ટ તલાકને ત્રણ વાર તલાક કરી દીધો છે. એક જ સમયે ત્રણ વખત તલાકનું ઉચ્ચારણ કરી પત્નીને આપવામાં આવતા તલાક પર હવે પ્રતિબંધ લાદી દીધો છે.

પણ હકીકત એ પણ છે કે મુસ્લિમ મહિલાની હજુ ૯૫ ટકા લડાઈ બાકી છે. બહુપત્નીત્વ, હલાલા, સંપત્તિ હક, ભરણપોષણ, દત્તકની પરવાનગી, તલાકના બાકી રહેલા બે પ્રકાર તલાક -એ -હસન, તલાક - એ

**અનુસંધાન પાના નં. ૭ પર**